
જાન્યુઆરી - ૨૦૨૧
અંક – ૩૧

GSECL
GMDC
FUELING THE GROWTH

# અરુણોદય




સંપાદકીય બોર્ડ
- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

– 'શબ્દ'
– The Greedy Child
– અગ્નિ અને ધૂમાડો
– સમય સાથે સંઘર્ષ કરનારાઓને જાણીએ
– નાતાલ
– મહાપુરૂષો ના વચનો
– શાળા ની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન "અરૂણોદય" જાન્યુઆરી-૨૦૨૧ અંક-૩૧ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ – ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી




## 'શબ્દ'




મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

ક્યારેક મારા ભાવને વ્યક્ત કરે શબ્દ
ક્યારેક તેને છુપાવી પણ જાય છે શબ્દ
ક્યારેક સાથેનો અહેસાસ કરાવે તે શબ્દ
ક્યારેક જુદાઈનો ભાવ પણ દર્શાવે છે શબ્દ
ક્યારેક પ્રાર્થના થઈ પહોંચે પ્રભુદ્વારે તે શબ્દ
ક્યારેક વળી વ્યક્ત થવાનો ભાવ દર્શાવી
અને થઈ જાય અવ્યક્ત એ પણ છે શબ્દ
ક્યારેક ગૂંચવણ સર્જે એ પણ છે શબ્દ
ને હળવાશથી ઉકેલે તે પણ છે શબ્દ
ક્યારેક માનવ હદય ભરે પણ છે શબ્દ
ક્યારેક હળવાશથી ઠાલવે પણ છે શબ્દ
ક્યારેક પ્રશ્નાર્થ સર્જે તે છે શબ્દ
ક્યારેક જવાબ આપે એ પણ છે શબ્દ
ક્યારેક અર્થનો અનર્થ સર્જે તે પણ શબ્દ.

# The Greedy Child



R.K.Dash,
General Manager (P)
Lignite project, Umarsar.



I was at Cuttack bus station and enquiring about the next bus to my hometown .There an enquiring voice came from my backside "Are you Rajat" .I was taken aback my friends use to call me by that name .I can find the eyes of the gentleman beaming with ecstasy. He was looking as if my contemporary in age with a well built figure & neatly dressed attire. I was still confused .Sensing my predicament he came close and whispered don't you remember Dwarika Prasad Gupta ,your lower school friend .Aree Dhalu yaar what a transformation.I am sorry I still find it difficult to connect you with the child Dhalu.Suddenly priority changed the urgency to catch the next bus took back seat .We both checked in to the near by Roxy cafe to spent some quality time .While enjoying the hot aroma of special coffee two childhood friends returned to 35years back school days of a middle English school at remote tribal town of Kesinga .



Dhalu was his pet name and his father migrated from Chhatishgarh then part of Madhy Pradesh to work in a big Marwadi Rice mill & my father was posted to Kesinga town as part of his service alignment.Kesinga was a sleepy town and life was quite slow then. It was fully surrounded by dense sal forests and local newspapers use to report of tiger attacks to the local folks intermittently .Once the news broke we the junior group use to sight tigers in our dreams for next few nights.During that period every silhouetted dog, cat or other pet animals the sound of falling leafs use to frighten us as if the tiger is roaming nearby.

Dhalu was our ring leader then.Undisputedly we use to follow his leadership in stealing watermelons from farms of riverbed to climb the peak of the "'Budha Dungar " the huge hill guarding a major part of the little town.Kesinga was really famous for Rasmalai sweets.And it was a luxury for we Childs to enjoy the delicacy of Rasmalai at either Madhu or Gowardhan.These two were famous eateries of that time.Though one plate Rasmalai was costing 1 rupee but at early eighties collecting that amount was a far cry for us.I was really quite fond of Rasmalai and longing to have a treat of it at every single opportunity. Dhalu knew that very well.Our school playground was adjoining to the rice mill where Dhalu's father was





working.There was a huge stockpile of husks and straws of paddy crops at the edge of our ground as it was rejects for the rice mill. Mind you Kesinga was surrounded by dense forests & we use to experience bitter cold wave during winter. The skin use to dry and itching of skins is a common experience during peak winter.



Once during a super chill afternoon while playing in our school ground Dhalu dared(later it was learnt to be his trick to ploy ) me to jump over the husk and paddy straw stockpile and roll there for 10mints.I was not interested why should one.That was perhaps the coldest day of that season. To escape cold I had not taken bath for last few days .My skins were fully dry .Under that condition jumping to the bed of husk and dry paddy straw would invite itching of the body during rest part of the day.Dhalu was smart he could read my face.He then threw his trump card,he told if I will do the act he will treat me a whole plate of Rasmalai,at Gowardhan eatery.The offer was irresistible for me and needless to say that I jumped ,rolled and did all other acrobats in the behest of my friend as a chained monkey does for his masters during street play. Finally I succeeded and carrying all itching and burning sensations I accompanied him to Gowardhan eatery.The prize(one full Rasmalai plate) came to me after few time but so severe was my itching skins I could hardly enjoy the treat.By then it was fully realized that I was trapped in my friends ploy and there is no way to escape. It was me not the winner of the challenge rather my cunning friend in the hindsight had trickily made me a fool that day.The next two days I had to live with those itches despite application of desi coconut oils all over.Few days passed my father got transferred and we left Kesinga .There after in my life I made so many friends but Dhalu became immortal in my memory as a mischievous friend.



I recovered from my day dream and found Dhalu my mischievous child hood friend enjoying coffee and engaged with a conversation like a mature businessman. There is no trace of his childhood behaviour in him. After all 35 years passed by in our life & we all are grown up now. After a brief conversation we shared our contact numbers and parted away.



After a moment while on bus I asked me a pertinent question,Dhalu changed a lot for sure but do I still graduated from that greedy child to a man .Perhaps Yes ,perhaps no.

# અગ્નિ અને ધૂમાડો



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

ધર્મ અને રાજનીતિ બંને અલગ અલગ અલગ છે છતાં ધર્મમાં રાજનીતિ અને રાજનીતીમાં ધર્મનો ઉપયોગ કરીને દેશના વિકાસના પાયાને નબળો બનાવી દેવામાં આવે છે. ખરેખરતો બંનેનો સાર માનવધર્મ હોવો જોઈએ પણ આ બંનેમાંથી એનો સાર જ લુપ્ત છે.




સાચો ધર્મ એ માનવ ધર્મ છે. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'. એમના ગુરુ હતા રામકૃષ્ણ પરમહંસ એમને સાચો ધર્મ  અપનાવ્યો હતો એટલે જ એ કહી શક્યા હતા કે હા મે ભગવાનને જોયા છે. કોઈપણ ધર્મ સત્ય , અહિંસા , દયા , કરુણા અને માનવસેવા શીખવે છે. પણ જો આપણે અગ્નિ અને ધુમાડાનું ઉદાહરણ લઈએ તો અગ્નિમાંથી નિકળતો ધૂમાડો અગ્નિથી વિપરીત દિશામાં ફેલાય છે, એ ક્યારેય અગ્નિને મળી શકતો નથી એ જ પ્રમાણે આપણે પણ સાચા ધર્મથી વિપરીત દિશામાં જઈએ છીએ એટલે ક્યારેક ઈશ્વરને પ્રાપ્ત કરી શકતા નથી.  ઈશ્વરને મેળવવાના અજ્ઞાનમાં ઈશ્વરથી જ અળગા થઈ ગયા છીએ. આપણે તો ધર્મના નામે માત્ર દંભ જ કરીએ છીએ. બુધ્ધિના અંધાધૂત વિકાસનાં જંગલોમાં સત્ય , અહિંસા , માનવધર્મ ક્યાંક ખોવાઈ ગયા છે એની ખોજ એટલે જ સાચોધર્મ.



રાજનીતિ એટલે શું માત્ર સત્તાની પ્રાપ્તિ   , સત્તાનો ગેરલાભ  , પક્ષાપક્ષી ? ખરેખરતો રાજનીતિ એટલે દેશમાટે કંઈ કરી બતાવવાની તક .  દેશપ્રેમ એટલે દેશની પ્રજામાટે પ્રેમ , પ્રજાના વિકાસ માટે કાર્યો કરવા એ પણ માનવધર્મ છે. માનવધર્મની ઉત્તમ તક આનાથી બીજી કઈ હોઈ શકે. પરંતુ સત્તા માટે ભોળી જનતાને એવીતો ભોળવવામાં આવે છે કે તેમની બુધ્ધિની સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ જ અલોપ થઈ જાય છે. જનતાની બુધ્ધિમાંથી સત્યની સમજ નીકળી જવી એટલે સૌથી મોટી હિંસા. આપણી રાજનીતિ જનતાને અજ્ઞાનતાની ટોપી પહેરાવવાનું કામ કરે છે.

માનવતા વગરનો ધર્મ અને માનવધર્મ વગરની રાજનીતિ એટલે અગ્નિથી અવળી દિશામાં ફેલાતો માત્ર ધુમાડો.

# સમય સાથે સંઘર્ષ કરનારાઓને જાણીએ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આપણે ઘણીવાર એવું બોલતાં કે સાંભળતાં હોઈએ છીએ કે 'સમય બદલાઇ ગયો છે.' હકીકતે સમય તો તેનો તે જ રહે છે. તે વહી જતો નથી. આપણે વહી જઇએ છીએ. **મૃત્યુ ને આપણે સમયનો અંત સમજીએ છીએ પણ સમય તો પછી પણ ચાલુ જ રહે છે.**

યુગ કોઈપણ હોય સંઘર્ષનો ડગલે ને પગલે સામનો કરવો પડે છે. પરિવર્તનશીલ જગતમાં ક્ષણે ક્ષણે કસોટીઓ છે. છતાં એવા કેટલાયે દ્રષ્ટાંતો આપણને જોવા મળે છે કે જેઓ હિંમત હાર્યા વગર સમય સાથે બાથ ભીડીને પાર ઉતર્યા છે. **કેટલાક પ્રેરક દ્રષ્ટાંતો ..........**

⇨ કદરૂપા લોકો પણ આકર્ષણ જમાવી શકે. તેમના ગુણોથી , જ્ઞાનથી , વિચારોથી સખત પ્રયત્નો થકી અશક્યતાને શક્યતામાં ફેરવે છે. જેમકે **સોક્રેટિસ.** તેઓ કદરૂપા હતાં છતાં અઢી હજાર વર્ષ પછી પણ તેનું આકર્ષણ ઓસર્યું નથી.



⇨ શરીર ભલે નબળું દેખાય પણ સખત અને વજ્ર જેવું બની શકે . જેમકે **રામમૂર્તિ.** નાનપણમાં ભલે સુકલકડી છતાં આગળ જતા દેશના ટોચના પહેલવાન બન્યા. સંઘર્ષ કરીને આગળ આવ્યાં.



⇨ દિવ્યાંગો પણ રમતમાં ભાગ લઈ અચંબામાં મૂકી દેતા હોય છે. જેમકે, **વોલ્ટર ડોયસ.** તેઓ દિવ્યાંગ હોવા છતાં "પોલ વોલ્ટ" નામની સ્પોટર્સની હરિફાઇમાં ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવે છે. પ્રવાહની સામે ઝઝુમનારને ઇશ્વર પણ અનુકૂળ થઇ જતાં હોય છે.

⇨ આપણે જાણીએ છીએ કે **સતિ સાવિત્રિ** પોતાના પતિ સત્યવાનને યમરાજ પાસેથી પાછો માંગી લાવી. તો વળી નચીકેતા પણ યમરાજ પાસેથી વરદાન મેળવી પાછો આવ્યો. શું તેમણે સંઘર્ષ નહિ કરવો પડયો હોય ?



⇨ આજે વૈજ્ઞાનિક યુગમાં કૃત્રિમ વરસાદના સફળ પ્રયોગો થાય છે. ઓછો વરસાદ અને ટૅરેસ-ફાર્મિંગ (અગાશીમાં ખેતી), ટપક પધ્ધતિ જેવા પ્રયોગોથી **ઇઝરાયેલ**ના લોકો વિશ્વને માર્ગદર્શન પૂરું પાડે છે. આ ટેકનિક વિકસાવવામાં પણ સંઘર્ષો આવ્યા જ હશે.

એમ જરૂર કહી શકાય કે **સંઘર્ષમય જીવન જીવીને પ્રેરણારૂપ બનતા લોકોના લીધે જ આ ભૂમિ ઊજળી છે.** આવા લોકોની સમય સાથે સમાધાન કરીને બેસી ન રહેતાં સમય સાથે સંઘર્ષ કરીને જીવવાની અદા અનોખી હોય છે. આવા લોકોને મનોમન વંદન કરીએ.



# નાતાલ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

વિશ્વની અંદર કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ગઈ. કાળના પેટમાં ધરાશાયી થઈ ગઈ. છતાં આજે જો ટકી રહી હોય તો તે એકમાત્ર સંસ્કૃતિ એટલે ભારતીય સંસ્કૃતિ. વિવિધતામાં એકતા ધરાવતા ભારત દેશમાં વિવિધ ઉત્સવો ઉત્સાહભેર ઊજવવામાં આવે છે.

નજીકમાં જ 25 ડિસેમ્બર આવી રહી છે. **25 ડિસેમ્બર એટલે ક્રિસમસ – નાતાલ. પવિત્ર એવા ઈશ્વરના મસીહા ઈશુનો જન્મદિન.** ક્રિસમસ શબ્દનો અર્થ થાય છે – ક્રાઈસ્ટ અથવા તો જિસસ માસ. ક્રિસમસમાં પ્રસન્નતાનો ભાવ છે આથી મેરી ક્રિસમસ તરીકે પણ ઓળખી શકીએ.

ક્રિસમસ – નાતાલ નું પહેલું કારણજ છે ઊજવણી. પવિત્ર બાઈબલમાં દેવદૂત બેથલેહામના ભરવાડોને કહેછે : તમામ લોકો માટે અદ્દભૂત આનંદના સમાચાર હું લાવ્યો છું. **ક્રિસમસ ના સારા સમાચાર ત્રણ કારણોસર ઊજવણીને યોગ્ય છે.**





(1) **God loves you.** (ઈશ્વર તમને પ્રેમ કરે છે.)

(2) **God with you.** (ઈશ્વર તમારી સાથે છે.)

(3) **God for you.** (ઈશ્વર તમારા માટે છે.)

પવિત્ર બાઈબલમાં જિસસ ને ઈશ્વરના પુત્ર તરીકે વર્ણવવામાં આવ્યા છે અને ઈશ્વરે તેમને શા માટે પૃથ્વી પર મોકલ્યા છે તે અંગે ખુદ જિસસને કહેતાં ટાંકવામાં આવ્યા છે – **"ઈશ્વર દુનિયાને એટલો પ્રેમ કરે છે કે તેમણે પોતાનો એક માત્ર પુત્ર દુનિયાને આપ્યો જેથી તેમનામાં શ્રધ્ધા ધરાવનાર એકએક વ્યક્તિ શાશ્વત જીવન જીવશે , તેમનો નાશ નહિ થાય."** આવા ઈશ્વરના મસીહા ને યાદ કરવાનો દિવસ એટલે નાતાલ.

આપણાં જીવનમાં બધું જ આવશે – જશે પણ એકમાત્ર ઈશ્વરનો પ્રેમ જ સતત , અવિરત અને અચળ રહે છે. ઈશ્વર ખુદ માનવદેહ ધરે તે ઘડી અપૂર્વ હોય છે. માત્ર **પ્રેમ ફેલાવવા જ ઈશ્વર આવવાના હોય ત્યારે પ્રસન્નતા વ્યાપી જાય એટલે મેરી ક્રિસમસ.**

**પ્રેમ નિર્વ્યાજ , બિન શરતી અપેક્ષા વિનાનો હોય તો જ પવિત્ર બને છે.** ઈસુ ખ્રિસ્તએ આખી દુનિયા પર આવો પ્રેમ કરી દેખાડયો . તેમના આ પ્રેમને સમજવાનો દિવસ એટલે જ ક્રિસમસ.

સૌ ભારતીયોને નાતાલની ખૂબ ખૂબ હાર્દિક શુભકામના. ઈશુના નિસ્વાર્થ પ્રેમને સમજવાની આપણે સૌ કોશિશ કરીએ.

# મહાપુરૂષો ના વચનો



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

(૧) વિશ્વને તમારા કામથી જ મતલબ છે, વિચારોથી નહી. ........ બિલ ગેટસ

(૨) ઠંડે પહોરે જો આગળ નહીં વધો તો તડકા વખતે હેરાન થશો. ........ રવિન્દ્રનાથ ટાગોર

(૩) ભૂલ કરવી માનવીય લક્ષણ છે, પણ ક્ષમા આપવી દેવતાઇ ગુણ છે. ....... કવિ એલેકઝાન્ડર પોપ

(૪) શબ્દો વગરની પ્રાર્થના સારી, પણ પ્રાર્થના વગરના શબ્દો શા કામના. ..... બજરંગદાસ બાપુ

(૫) હું સુંદર છું એટલે એ મને પ્રેમ નથી કરતો પણ એ મને પ્રેમ કરે છે એટલે હું સુંદર લાગું છું. ... એરિક ફ્રોમ

(૬) જે મહાન છે તે જન્મથી જ બાળક હોય છે, એ મૃત્યુ પામે છે ત્યારે જગતને પોતાનું મહાન બાળપણ અર્પણ કરતો જાય છે. ....... રવિન્દ્રનાથ ટાગોર

(૭) જો તમારે પુસ્તમાંથી વધુમાં વધુ લાભ લેવો હોય તો પંદર મીનીટ વાંચી અને પીસ્તાલીસ મીનીટ એના પર મનન કરો. .... રિચાર્ડ ગેલેની

(૮) ગુસ્સો કરવો ઘણો સહેલો છે, પણ યોગ્ય વ્યકિત પર , યોગ્ય માત્રામાં , યોગ્ય સમયે , યોગ્ય કારણસર અને યોગ્ય માત્રામાં ગુસ્સો કરવો આ સહેલું નથી. ...... એરિસ્ટોટલ

(૯) વિરોધ કે વાદ વિવાદ કરવા ન વાંચવું , તૈયાર વિચારો માની લેવા ન વાંચવું , નકામી ચર્ચા કરવા ન વાંચવું પણ તુલના કરી ઉત્તમ બાબત ગ્રહણ કરવા વાંચવું. ...... બેકન

(૧૦) જીવવાનાં સાધન મેળવવા જતાં માણસ જીવવાનું ભૂલી જાય છે. ...... માર્ગારેટ ફુલર

(૧૧) કામયાબી કે પીછે મત ભાગો, કાબીલ બનો, કામયાબી અપને આપ મિલેગી. ...... થ્રી ઈડીયટ ફીલ્મ

(૧૨) દુ:ખ ભોગવવામાં કોઈની જરૂર નથી, પણ સુખ સારી રીતે માણવું હોય તો બીજાને ભાગીદાર ચોક્કસ બનાવજો. ....... માર્ક ટવેઈના

(૧૩) સારી રીતભાત એ ગણિતના શુન્ય જેવી છે, એની એકલાની ઝાઝી કિંમત ન હોય, પણ બાકીના બીજા ગુણોનું મૂલ્ય એ વધારી દે છે. ..... કાર્લાઇલ

(૧૪) જેની પાસે એક પણ મિત્ર નથી તેને આ દુનિયા સાવ વેરાન લાગે છે. .... ફ્રાન્સીસ બેકન

(૧૫) વ્યકિત ભલે ગમે તેટલી બુધ્ધિશાળી હોય છતાં પણ તેણે શાસ્ત્રોના પ્રમાણોને આધારે જ સારા-નરસાનો વિચાર કરવો. ....... શંકરાચાર્ય

# શાળા ની પ્રવૃત્તિઓ



આર્ષ અધ્યયન કેન્દ્ર દ્વારા સ્કુલને પ્રતિક ભેટ



મતદાર યાદી સુધારણા કાર્યક્રમ











ઓનલાઈન તાલીમ લેતા શાળાના શિક્ષકો




શાળાના આચાર્યોની ઓનલાઈન મિટિંગ





















શાળાના બાળકોએ ઓનલાઈન પરિક્ષામાં ભાગ લીધેલ તે બદલ મળેલ પ્રમાણપત્ર





ઓનલાઈન શિક્ષણની ગુણવત્તા સુધારણા અંગે શિક્ષણ વિભાગ દ્વારા મિટીગનું આયોજન








## શાળાના આચાર્ય તથા શિક્ષકોએ ઓનલાઈન પરિક્ષામાં મેળવેલ સિદ્ધિઓ




## શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીની નીટની પરિક્ષામાં 720 ગુણ માંથી 626 તથા એમ.એસ. યુનિવર્સિટીમાં એમ.બી.બી.એસ. માં પ્રવેશની બેવડી સિદ્ધિ



## શાળાના શિક્ષક એમ.ડી.સોની એ બનાવેલ ચિત્ર